મંદીની બુમરાણ વચ્ચે 2023-24ના હિસાબી વર્ષમાં

# સુરતમાં સ્ટેમ્પ ડ્યૂટીની 1889 કરોડની વિક્રમી આવક

**વર્ષ** 2023-2024માં કુલ 2,67,586 સોદાઓ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં થયા છે અને 334.31 કરોડ તો રજિસ્ટ્રેશન ફી પેટે સરકારની તિજોરીમાં જમા થયા છે

સુરતઃ સુરતના રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે વિતેલું વર્ષ અત્યંત ફળદાયી નિવડ્યું હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. જેની પ્રતિતી ગત તા.31મી માર્ચે પૂરા થયેલા 2023-2024ના હિસાબી વર્ષમાં રેવન્યુ ચોપડે નોંધાયેલી આવક પરથી થઈને રહે છે. વિતેલા હિસાબી વર્ષ દરમિયાન સુરતમાં જમીન-મિલક્તના સોદાઓ પેટે સરકારની તિજોરીમાં રૂ.1889 .91 કરોડ આવક થઇ છે. આટલી મોટી રકમની સ્ટેમ્પ ડ્યૂટીની આવક અગાઉ ક્યારેય કોઇ વર્ષમાં સુરતમાં નોંધાઇ ન હોવાથી આ આવકને વિક્રમી આવક તરીકે લેખાય રહી છે.

સુરતના રિયલ એસ્ટેટ ક્ષેત્રના જાણકારોનું કહેવું છે કે ભલે સુરત મુંબઇ જેટલું મોટું શહેર ન હોય કે ભલેને સુરતને હજુ સુધી મેટ્રો સિટીનો દરજ્જો મળ્યો ન હોય પરંતુ, જ્યારે જમીન મિલકતોના સોદાની વાત આવે છે ત્યારે સુરતના ભાવ અને બજાર, મુંબઇના બજારની સમીપ પહોંચી રહ્યાની અનુભૂતિ થઇ રહી છે. હિસાબી વર્ષ 2023-2024ની વાત કરીએ તો આ વર્ષના 365 દિવસો પૈકી વર્કિંગ દિવસો દરમિયાન કુલ 2,67,586 સોદાઓ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં થયા હતા જે સરકારી ચોપડે ડોક્યુમેન્ટ (દસ્તાવેજ) તરીકે કાયદેસર રીતે નોંધણી કરાવવામાં આવ્યા છે. જમીન, મિલકત, ઓફિસ, દુકાન, ફ્લેટ વગેરે પ્રકારની પ્રોપર્ટીના ખરીદ-વેચાણના સોદામાં રજિસ્ટ્રેશન ફી પેટે મિલક્ત ખરીદનારાઓએ કુલ રૂ.334. 31 કરોડ સરકારની તિજોરીમાં રજિસ્ટ્રેશન ફી પેટે જમા કરાવ્યા છે. જ્યારે સ્ટેમ્પ ડ્યૂટી પેટે કુલ રૂ.1889 કરોડથી વધુની રકમ સરકારી તિજોરીમાં જમા થઇ ચૂકી છે.

છેલ્લા બે વર્ષની વાત કરીએ તો 2022-23માં જમીન મિલકતના સોદાઓ પેટે કરવામાં રજિસ્ટર્ડ કરાવવામાં આવેલા દસ્તાવેજોની સંખ્યા 2,35,242 હતી, જે 2023-2024માં વધીને 2,67,586 જેટલી થઇ છે. આમ તાજેતરમાં પૂરા થયેલા હિસાબી વર્ષમાં દસ્તાવેજોની સંખ્યામાં પણ 14 ટકા જેટલો વધારો નોંધાયો છે. એવી જ રીતે છેલ્લા બે વર્ષની આવકની વાત કરીએ તો 2022-2023માં દસ્તાવેજોની નોધણી ફી પેટે કુલ રૂ.272 કરોડ 94 લાખ રૂપિયાની આવક થઇ હતી, જે તાજેતરમાં પૂરા થયેલા 2023-2024ના વર્ષમાં કુલ રૂ.334 .13 લાખ પર પહોંચી ચૂકી છે. જ્યારે છેલ્લા બે વર્ષની સ્ટેમ્પ ડ્યૂટી પેટે થયેલી આવક પર નજર કરીએ તો 2022-2023ના વર્ષમાં કુલ રૂ.1537.10 કરોડની આવક સુરતમાં સ્ટેમ્પ ડ્યૂટી તરીકે થઇ હતી જે તાજેતરમાં પૂર્ણ થયેલા 2023-2024ના હિસાબી વર્ષમાં વધીને રૂ.1889.91 કરોડ પર પહોંચી ચૂકી છે.

### સુરત ડાયમંડ બુર્સ સહિતના મોટા પ્રોજેક્ટને કારણે આવકમાં 15થી 20 ટકાનો ગ્રોથ

સુરતમાંથી સરકારની રેવન્યુ આવકમાં થઇ રહેલા 15થી 20 ટકા સુધીના ગ્રોથની પાછળ રહેલા કારણો પર નજર કરીએ તો જાણકારો જણાવી રહ્યા છે કે છેલ્લા બે વર્ષ દરમિયાન સુરતના સાઉથ વેસ્ટ વિભાગમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં સૌથી વ્યાપક જમીન, મકાન, ઓફિસ, ફ્લેટની લે-વેચ નોંધાઇ છે. ખાસ કરીને સુરત હીરા બુર્સ અને એ વિસ્તારમાં નવા બનેલા રેસિડેન્સિયલ પ્રોજેક્ટમાં ફ્લેટ તેમજ ઓફિસના થયેલા વેચાણ સોદાઓની અસામાન્ય અસર દસ્તાવેજોની નોંધણી, રજિસ્ટ્રેશન ફી તેમજ સ્ટેમ્પ ડ્યૂટીની આવક તરીકે નોંધાવા પામી છે.

### હીરાબજારમાં મંદી પણ શેરબજારમાં તેજી હોવાથી રિયલ એસ્ટેટ બજાર ઊંચકાયું

સુરતના રિયલ એસ્ટેટ ક્ષેત્રની તાસીર છે કે જ્યારે સુરતના હીરા બજારમાં તેજી હોય ત્યારે જ ખાસ કરીને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મોટા પાયે જમીન મકાનોના સોદા થાય છે. પરંતુ, વિતેલા બે વર્ષની વાત કરીએ તો હીરા બજારમાં મંદીનો માહોલ હતો આમ છતાં પણ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મંદીની અસર વર્તાઇ નથી. જાણકારો જણાવી રહ્યા છે કે શેરબજારમાં છેલ્લા દોઢ વર્ષ દરમિયાન ભારે તેજી નોંધાઇ હતી જેના કારણે સુરતના રિયલ એસ્ટેટ માર્કેટને જબરદસ્ત લિક્વિડીટી ફ્લો મળ્યો છે અને એ જ દર્શાવે છે કે પાછલા વર્ષમાં સુરતમાં જમીન મકાનના દસ્તાવેજોની સંખ્યામાં 15થી 20 ટકાનો ગ્રોથ નોંધાયો છે.




# સુરત ડિસ્ટ્રીક્ટ બેંકએ નાણાંકીય વર્ષમાં 1535 કરોડનો વિક્રમ સર્જક વેપાર કર્યો

**115** વર્ષમાં બેંકએ 2023-24માં સર્વાધિક 138 કરોડનો કાચો નફો રળ્યો, બેંકે તેના 13 લાખ ગ્રાહકોના સહકારથી આ સફળતા હાંસલ કરી છે



સુરતઃ ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટિવ બેન્કે નાણાંકીય વર્ષમાં 1535 કરોડનો વિક્રમ સર્જક વેપાર કર્યો છે. 115 વર્ષના ઇતિહાસમાં બેન્કે નાણાંકીય વર્ષ 2023-24માં સર્વાધિક 138 કરોડનો કાચો નફો રળ્યો છે. સુરત અને તાપી જીલ્લાના ખેડૂતો અને પશુપાલકો સહિત ગ્રામીણ અર્થતંત્રની જીવાદોરી સમાન "ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લી. - સુરતે" તેની 115 વર્ષની ઐતિહાસીક યાત્રામાં પ્રથમ વખત નાણાંકીય વર્ષ 2023-24 ના અંતે એક જ વર્ષમાં 1535 કરોડનો વ્યાપાર વધારીને ઈતિહાસ રચ્યો છે. સાથે સાથે બેંકે 138 કરોડનો કાચો નફો હાંસલ કરી 115 વર્ષની યાત્રામાં પ્રથમ વખત સર્વોચ્ચ નફાના લક્ષ્યાંકને પણ સિધ્ધ કર્યો છે.

સુડિકો બેંકે તેના 13 લાખ ગ્રાહકોના સહકારથી મેળવેલ આ સિધ્ધીને બીરદાવતા બેંકના એમડી.મહાવીરસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, બેંકે 8823 કરોડની નવી થાપણો મેળવીને વાર્ષિક 756 કરોડનો વધારો કર્યો છે. તે સાથે ધીરાણોમાં પણ 779 કરોડનો માતબર વધારો થયો છે. કુલ વ્યાપાર 12,739 કરોડે પહોંચેલી સુડિકો. બેંકે સતત ચોથા વર્ષે NPA ઘટાડવાનો ક્રમ જાળવી રાખતા ગત વર્ષની NPA ટકાવારી 1.97 % માં 0.34% નો ઘટાડો કરી NPA 1.63 ટકાની મર્યાદામાં સિમિત રાખવામાં સફળતા હાંસલ કરી છે.

સુડિકો બેંકનાં ચેરમેન બળવંતભાઈ પટેલે બેંકની સફળતા માટે બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સંઘ ભાવનાને યશ આપતા જણાવ્યું હતું કે," મોંઘવારીના હાલના સમયમાં વરિષ્ઠ નાગરીકોને અપેક્ષીત વ્યાજ વળતર મળી રહે તે માટે એક ટકો વધુ વ્યાજ આપવા સાથે જાહેર ટ્રસ્ટોને પણ બેંક 0.50 % વધુ વ્યાજ આપતી બેંક હોવાનું જણાવ્યું હતું. તેઓએ બેંકને વિમાના ક્ષેત્રે કામ કરવા માટે મળેલ કોર્પોરેટ લાયસન્સને કારણે આગામી સમયમાં બેંકે જીવનવીમા અને સામાન્ય વીમાની સેવાઓ પણ વિસ્તારશે.

બેંકની આ વિક્રમ સર્જક સિદ્ધિ અંગે બેંકના વાઇસ ચેરમેન સુનીલભાઈ પટેલે નવા CBS વર્ઝનમાં આગામી દિવસોમાં બેંક તેની કામ્પ્યુટરાઈઝ પ્રણાલી સ્થિર થયેથી ડીજીટલ ટેકનોલોજી આધારીત વિશેષ સેવાઓ આપવાનું જણાવતા કહ્યું હતું કે, બેંક હાલ 112 ATM મશીનો દ્વારા સુરત અને તાપી જીલ્લાના તમામ વિસ્તારોમાં સેવારત છે. ચાર જેટલી મોબાઈલવાન દ્વારા માંડવી, ઉમરપાડા, માંગરોળ, વ્યારા, સોનગઢ અને ઉચ્છલના લગભગ 450 આદીવાસી અંતરયાળ ગામડાઓમાં ઘરઆંગણે બેંકીંગ ઉપલબ્ધ કરાવતી સુરત ડિસ્ટ્રીક્ટ બેંકે ખરા અર્થમાં ગરીબ અને ગામડાના લોકોની બેંક હોવાની વાત કરી બેંકે ગ્રાહકોની સેવામાં 26 જેટલા ઈ-સ્ટેમ્પીગના મથકો પણ શરૂ કર્યા છે.

બેંકના પૂર્વ વાઈસ ચેરમેન સંદિપભાઈ દેસાઈએ બેંકના આ અભૂતપૂર્વ પરીણામોને "સૌનો સાથ સૌનો વિકાસ સૌનો સહકાર ગણાવ્યો હતો. બેંકના પૂર્વ ચેરમેન નરેશભાઈ પટેલે પણ બેંકને શુભેચ્છા પાઠવી હતી.

બેંકનાં સ્પેશિયલ એક્ઝીક્યુટીવ ઈન્દ્રસિંહ મહીડા, ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ ઈશ્વરસિંહ પરમાર, જનરલ મેનેજર કલ્પેશભાઈ શાહ જોઈન્ટ જનરલ મેનેજર જયેશભાઈ દેસાઈ તથા પ્રણવ પંડયા સાથે તમામ એક્ઝીક્યુટિવ ઓફિસરો અને બેંકના તમામ કર્મચારીઓએ સંઘ ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હોવાનું એમડી.મહાવીરસિંહ ચૌહાણે જણાવ્યું હતું.



# GJEPCનાં પ્રતિષ્ઠિત એવોર્ડમાં સુરતની કિરણ જેમ્સ, લક્ષ્મી ડાયમંડ,ગ્રીન લેબનો ડંકો વાગ્યો

**મુકેશ** અંબાણીના હસ્તે ભારતની સૌથી વધુ જ્વેલરીની નિકાસ કરનારાઓને સન્માનવામાં આવ્યા

સુરત : મહારાષ્ટ્રના ગવર્નર રમેશ બૈસ અને મુકેશ અંબાણી (સીએમડી, રિલાયન્સ ગ્રુપ)ના હસ્તે જીજેઈપીસીના 50મા આઈજેજી એવોર્ડથી બિરદાવવામાં આવ્યા હતા.

રશેલ મહેતા (રોઝી બ્લૂ)ને શ્રેષ્ઠ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા,જ્યારે 24 એવોર્ડ માંથી સૌથી વધુ 7 એવોર્ડ સુરતની કિરણ જેમ્સ,કિરણ એક્સપોર્ટ એ જીત્યા છે. કટ એન્ડ પોલિશ્ડ ડાયમન્ડની લાર્જ કેટેગરીમાં 1000 કરોડનો એક્સપોર્ટ કરવાનો એવોર્ડ સુરતની લક્ષ્મી ડાયમંડ ને મળ્યો છે.એવી જ રીતે લેબગ્રોન ડાયમંડમાં સૌથી વધુ હીરા એક્સપોર્ટ કરવાનો એવોર્ડ લેબગ્રીન ડાયમંડ ને ફાળે આવ્યો છે, સુરતની કંપનીઓ 50 ટકાથી વધુ એવોર્ડ જીતી ડંકો વગાડ્યો છે. જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ જ્વેલરીની સૌથી વધુ નિકાસ કરનારાને ભારતની શ્રેષ્ઠ નિકાસના તાજથી બિરદાવવા 50મો ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી એવોર્ડ્સ (આઈજીજેએ) રજૂ કર્યો હતો. જીજેઈપીસીએ કુલ 24 આઈજીજે એવોર્ડ રજૂ કર્યા હતા જેમાં 14 ઈન્ડસ્ટ્રી પર્ફોર્મન્સ એવોર્ડ, 7 સ્પેશિયલ રિકોગ્નિશન એવોર્ડ, 2 ફેલિસિટેશન એવોર્ડ અને 1 બેન્ક સપોર્ટિંગ ધ જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રી એવોર્ડ સામેલ હતો.

આ એવોર્ડ સમારોહમાં જીજેઈપીસીના ચેરમેન વિપુલ શાહ, વાઈસ ચેરમેન કિરિટ ભણસાલી, ભારત ડાયમંડ બોર્સના પ્રેસિડન્ટ અનુપ મહેતા, જીજેઈપીસીના પ્રમોશન્સ અને માર્કેટિંગ કન્વિનિયર મિલન ચોક્સી, જીજેઈપીસીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી સબ્યાસાચી રાય, જીઆઈએ-ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રીરામ નટરાજન સહિત અન્યો હાજર રહ્યા હતા. સમારોહમાં રોઝી બ્લૂ (ઈન્ડિયા)ના એમડી રશેલ મહેતાને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પાલની જમીન મુદ્દે સુરત કલેક્ટરને હાઈકોર્ટે તિરસ્કારની નોટિસ ફટકારી

**હાઈકોર્ટ,** સુપ્રીમ કોર્ટની ઉપરવટ જઈને ખેડૂતની બિન ખેતીની અરજી નામંજૂર કરવાનો આરોપ, 1લી મેએ સુનાવણી

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સંગીતા વિશેન તથા જસ્ટીસ નિશા ઠાકોરની બનેલી ડિવીઝન બેન્ચે મહત્વના આદેશમાં સુરત જિલ્લા કલેકટર, સુરતના નાયબ કલેકટર (જ.સુ) તથા મહેસુલ સચિવ (જ.સુ) તથા અધિક મુખ્ય સચિવ મહેસુલ સામે અદાલતના તિરસ્કારની નોટિસ જારી કરી છે. વધુ સુનાવણી આગામી તા.1લી મેના રોજ રાખવામાં આવી છે.

સુરતના પાલ ગામની રે.સ નં.2/અ વાળી જમીન સંદર્ભે 1998ના આદેશથી ગુજરાત હાઈકોર્ટે અરજદાર બાબુભાઈ હરગોવિંદભાઈ પટેલ સામેની શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની કલક 8 હેઠળની કાર્યવાહી રદ કરી હતી. તેની સામે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ કરેલી સ્પે. લીવ પિટીશન પણ 5-5-1999ના રોજ રદ કરવામાં આવી હતી. તે પછી અરજદાર ખેડૂત પ્રતિક કલ્પેશ શેઠ દ્વારા આ જમીન સંદર્ભે બિન ખેતીની પરવાનગી માંગી હતી. જો કે સુરત કલેકટર દ્વારા બિન ખેતીની અરજી નામંજૂર કરી દેવાઈ હતી. જેમાં એવું કારણ રજૂ કરાયું હતું કે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના સ્વીકાર કે અસ્વીકાર અંગે સમગ્ર મામલો રાજ્ય સરકાર સમક્ષ પેન્ડિંગ છે. આ ઉપરાંત સરકારના ઠારવો બાબતેનું વાંધા પ્રમાણપત્ર મેળવવાનું હોવાથી બિન ખેતીની અરજી નામંજૂર કરાઈ છે.

અરજદાર ખેડૂત તરફથી સિનિયર એડવોકટ કુમારેશ ત્રિવેદીએ એવી દલીલ કરી હતી કે ગુજરાત હાઈકોર્ટના તથા સુપ્રીમ કોર્ટના આદેશને સરકારના મહેસુલ વિભાગના ઠરાવોથી બદલી શકાય નહીં. ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટનો આદેશ રાજ્ય સરકારને બંધનકર્તા છે.

ભારતીય બંધારણની કલમ 215 અન્વયે હાઈકોર્ટ એ હકીકતમાં કોર્ટ ઓફ રેકર્ડ છે. જેની વિરૂદ્ધ કલેકટર જઈ શકે નહીં. બીજું કે સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટનો આદેશ સ્વીકાર્યો છે, એટલે કે તેને કાયમ રાખ્યો હોવાથી તેમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી. રાજ્ય સરકારના 2015 તથા 2020ના સરકારી ઠરાવોના કારણે બિન ખેતી અરજી નામંજૂર કરાઈ છે. કલેકટરનું આ વલણ ગુજરાત હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધનું છે. હકીકતમાં કલેકટર દ્વારા બિન ખેતીની અરજી મંજૂર કરવી જોઈતી હતી.

### ગુજકેટ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઈટ પર મુકાઈ




ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 31મી માર્ચના રોજ લેવાયેલી ગુજકેટની પરીક્ષાના ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રશ્નપત્રની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલી પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે. આ આન્સર કી અંગે જો કોઈ રજૂઆત હોય તો વિષયવાર, માધ્યમવાર, પ્રશ્ન દીઠ અલગ અલગ ફોર્મ ભરી ઈમેલ દ્વારા છઠ્ઠી એપ્રિલે શનિવારે સાંજે છ વાગ્યા સુધી જરૂરી આધારો સાથે મોકલી આપવાની રહેશે. જે માટે પ્રશ્ન દીઠ નિયત થયેલી ફી રૂપિયા 500ના ચલણથી ભરવાની રહેશે. ફી ભરેલા ચલણની રસીદ સાથે અવશ્ય મોકલવાની રહેશે.

# વર્ષ 2023-24માં સૌથી વધુ દસ્તાવેજો અડાજણ ખાતે નોંધાયા

**કુલ** 68311 દસ્તાવેજો પૈકી એકલી અડાજણ રજિસ્ટ્રારની કચેરીમાં 9737 દસ્તાવેજની નોંધણી થઇ

સુરત : ગઇ તા.31મી માર્ચે પૂર્ણ થયેલા 2023-24ના હિસાબી વર્ષ દરમિયાન સુરતના મહેસૂલી ચોપડે જમીન મિલકતોની લે-વેચના કુલ 68,311 વેચાણ સોદાઓ 18 કચેરીમાં રજિસ્ટર્ડ થયા છે. આ પૈકી સૌથી વધુ દસ્તાવેજોની નોંધણી અડાજણ કચેરી ખાતે થઇ છે. અડાજણ કચેરીમાં કુલ 9737 દસ્તાવેજ નોંધણી થઇ છે.

જેમાં રજિસ્ટ્રેશન ફી પેટે કુલ 76,89,62,321 રૂ.ની આવક સરકારી તિજોરીમાં જમા થઇ છે. એવી જ રીતે આ વેચાણ સોદાઓમાં કુલ 437,93, 33,501 રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીનો વપરાશ કરવામાં આવ્યો છે. આ આંકડાઓ પરથી મહેસૂલી જાણકારો જણાવી રહ્યા છે કે, સુરતમાં જમીન મકાન મિલકતના વેચાણ સોદાઓ માટે 2023-2024નું હિસાબી વર્ષ એક માઇલ સ્ટોન સમાન લેખાશે કેમકે સુરતમાં જમીન વેચાણ સોદાઓના જે આંકડાઓનું સરવૈયુ તા.31મી માર્ચ 2024ની સાંજે નીકળ્યું છે એ નભૂતો ન ભવિષ્યતિ સમાન છે. અડાજણ કચેરીની વાત કરીએ તો હાઇએસ્ટ બિઝનેસ સમગ્ર વર્ષ દરમિયાન અડાજણ સ્ટેમ્પ ડ્યૂટી કચેરીએ સરકારની તિજોરીમાં જમા કરાવી છે. વર્ષ દરમિયાન અડાજણ સબ રજિસ્ટ્રારની કચેરી ખાતે નોંધાયેલા કુલ 9737 દસ્તાવેજો પૈકી કુલ રૂ.10 ,24, 53, 236ની રજિસ્ટ્રેશન ફી જમા થઇ છે જ્યારે આ દસ્તાવેજો માટે કુલ રૂ.53,72,39, 442ની સ્ટેમ્પ ડ્યૂટીનો વપરાશ કરવામાં આવ્યો છે.

અડાજણ બાદ સૌથી વધુ દસ્તાવેજોની નોંધણી ઉધના ખાતે 6192, કામરેજ કચેરી ખાતે 5836, કુંભારિયા કચેરી ખાતે 5709 અને નવાગામ કચેરી ખાતે 5284 દસ્તાવેજોની નોંધણી થઇ છે.

# ખાનગી યુનિ.માં ભેરવાઈ ગયેલા સેંકડો વિદ્યાર્થીઓ માટે પોતાના દરવાજા ખોલી નાંખતી નર્મદ યુનિવર્સિટી

**વરસો** પછી ફરી કુલપતિને સુપરન્યુમરી ક્વોટા આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટનો નિર્ણય

**અધર** યુનિવર્સિટીનાં પરિણામમાં વિદ્યાર્થી નાપાસ જાહેર થાય તો પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રવેશ ફાળશે, વિદ્યાર્થીએ માત્ર સમાંતર ક્રેડીટનાં વિષયની પરીક્ષા અથવા અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે

સુરત : ન્યુ એજ્યુકેશન પોલિસીનાં અમલ બાદ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ચેઈન્જ કરવી સરળ બની છે. જેને અનુસરીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ અધર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ માટે ખાસ ગાઇડલાઇન તૈયાર કરી છે. જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં બેઠકો ખાલી નહીં હોય તો સુપરન્યુમરી બેઠકો, અને અધર યુનિવર્સિટીનાં નાપાસ વિદ્યાર્થીઓને ક્રેડીટ પૂર્ણ કરવાની શરતે પ્રવેશ ફાળવી દેવામાં આવશે.

યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં કરવામાં આવેલા ઠરાવ અનુસાર જોવા જઇએ તો અધર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓએ જે તે યુનિવર્સિટીમાં આપેલા જે તે સેમેસ્ટર પછીનાં ક્રમમાં રિઝલ્ટ આવે તે પહેલા અરજી કરી શકશે.

જેમાં વિદ્યાર્થીઓ પાસે જો માઈગ્રેશન સર્ટી ન હોય તો એફિડેવિટ રજુ કરીને પણ પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત અધર યુનિવર્સિટીનાં પરિણામમાં વિદ્યાર્થી નાપાસ જાહેર થાય તો પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રવેશ ફાળશે, વિદ્યાર્થીએ માત્ર સમાંતર ક્રેડીટનાં વિષયની પરીક્ષા અથવા અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે.

આ ઉપરાંત અંત્યત મહત્વની બાબતમાં જોવા જઈએ તો જો સીટો ખાલી ન હોય અને અધર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા ઉત્સુક હોય તો તેવા સંજોગોમાં જેટલા વિદ્યાર્થીઓને સમાવવા શક્ય હોય તેટલી સુપરનુમમરી સીટોની મંજુરી કુલપતિ દ્વારા આપવામાં આવશે અને તેનાં આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પ્રાઈવેટ યુનિવર્સિટી વચ્ચે ઘેરાયેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ અધર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ માટે દરવાજા ખોલતા સેંકડો વિદ્યાર્થીઓ અને વાલીઓએ રાહત અનુભવી છે. સાથે જ પ્રાઈવેટ યુનિવર્સિટીમાં ભેરવાઇ ગયા હોવાનો અનુભવ કરતા વાલીઓ માટે યુનિવર્સિટીએ સોનેરી તક પુરી પાડી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ક્ષત્રિય સમાજના...

હવે ગુજરાતભરમાં રૂપાલાનો વિરોધ ઉગ્ર થઈ રહ્યો છે. ખાસ કરીને ક્ષત્રિયાણીઓ હવે આંદોલનના માર્ગે વળી છે, એટલું જ નહીં, રૂપાલાને ભાજપના ઉમેદવાર પદેથી હટાવવાની માંગ કરાઈ રહી છે, તેવામાં ભાજપની સરકાર તથા સંગઠન બંને ડેમેજ કંટ્રોલના મોડમાં આવી ગયા છે. પહેલા ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા બેઠક બોલાવાઈ હતી. તે પછી આજે ગાંધીનગરમાં પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી. આર. પાટીલ દ્વારા પોતાના બંગલે મહત્વની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ સહિતના ભાજપના ક્ષત્રિય આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. ત્રણેક કલાક ચાલેલી આ બેઠકમાં રૂપાલાને બદલવાની કોઈ વાત ચર્ચાઈ નથી. ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલે કહ્યું હતું કે ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે ચર્ચા કરવા તેમજ તેમને સમજાવવા માટે એક સંકલન સમિતિ રચવામાં આવી છે, તે ક્ષત્રિય આગેવાનો સાથે આવતીકાલે બપોરે ત્રણ વાગ્યે એસજી હાઈવે પર ગોતા ખાતે બેઠક કરીને ચર્ચા કરશે.

### ટિકિટ રદ...

દીકરીઓ માટે લડી રહી છું. રૂપાલાએ જે ટિપ્પણી કરી છે, તેની સામે જો રૂપાલાની ટિકીટ નહીં કપાય તો, ઘરે જવાની નથી, રૂપાલાના ઘર સામે જ બળીને ભસ્મ થઈ જઈશ. જોહર કરીશું, પરંતુ ઘરે જવાની નથી. કરણી સેનાના ગીતાબા પરમારે કહ્યું હતું કે રૂપાલાની ટિકીટ રદ નહીં થાય તો અમે આકરા પગલા લેવા વિચારી રહ્યા છીએ.

### જરૂર પડ્યે...

રાણાએ ભાવનગરમાં કહ્યું હતું કે, મને એક વાતનું દુઃખદ આશ્ચર્ય થયું છે કે રૂપાલાના મુખેથી આવુ કેમનું બોલાઇ ગયું? રજવાડાઓએ ઓછામાં ઓછા દસેક હજાર વર્ષ આ દેશ પર રાજ કર્યું છે. આપણે એકલપણા જેવું રાજ કર્યું નથી. આપણે સમાજના 18 વર્ણોને સાથે રાખીને રાજ કર્યું છે. જરૂર પડ્યે આપણે માથા પણ આપી દીધાં છે, તેના પાળિયા પણ જોવા મળી રહ્યા છે. આવા સમયે તેમણે (રૂપાલાએ) આપણી માતૃશક્તિ માટે કરેલી ટિપ્પણી હૃદયમાં સોંસરવી ઉતરી ગઈ છે. રૂપાલાએ એક સમાજને વખાણ કરવાના અને બીજા સમાજને નીચું જોવું પડે તેવી તેવી ટિપ્પણી કરી છે, તેનાથી ક્ષત્રિય સમાજની લાગણી દુભાણી છે.

### બે ઉમેદવાર...

જોઈએ. આ આખો મામલો રૂપાલા કે ક્ષત્રિય સમાજ વચ્ચેનો છે જ નહીં, આ આખો મામલો ભાજપ કે ક્ષત્રિય સમાજ વચ્ચનો પણ નથી , હકીકતમાં આખો મામલો ભાજપની માનસિકતાનો છે. ભાજપની માનસિકતા ક્ષત્રિય સમાજ વિરોધી છે. મહિલાઓ વિરોધી પણ છે. ઉમેદવાર નહીં બદલાય તો રૂપાલાના નિવેદનને ભાજપનું સમર્થન ગણવામાં આવશે. બે ઉમેદવાર બદલ્યા તો રૂપાલા કેમ નહીં બદલવાના? સહન શક્તિની એક મર્યાદા હોય છે. ભાજપે વહેલી તકે નિર્ણય કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિ બેન-દિકરીનું અપમાન સહન કરી શકે નહીં. ક્ષત્રિય સમાજ સામે કાર્યવાહી થઇ તો હું આવીશ. ક્ષત્રિય સમાજની સાથે હું ઉભો રહીશ. રૂપાલાને ભલે તમે રાજ્યસભામાં મોકલો પણ રાજકોટથી ઉમેદવાર તરીકે બદલવા જોઇએ.

### રાજપૂત સમાજની...

રાજકોટના ઉમેદવાર સામે ભારોભાર નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે રૂપાલાએ ખાલી માફી માંગવાથી થોડું ચાલે? રૂપાલાને ટિકિટ આપીને ખોટું કર્યું છે. રૂપાલાની વિચારધારા જ ખરાબ છે, એ વિચારધારા બદલાવી જોઈએ. રાજકોટ બેઠક પર રૂપાલાને બદલીને નવા ઉમેદવાર મુકવામાં આવે એવી રાજપીપળા રાજવી પરિવારના મહારાણીની બુલંદ માંગ છે.

### સમાધાન અંગે...

ચર્ચા નથી, એ લોકો (ભાજપ) શું કહે છે તે સાંભળીશું, ત્યારબાદ સમગ્ર ક્ષત્રિય સમાજ સાથે તેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને સમાજ શું કહે છે, તે મુજબ આગળ શું નિર્ણય લેવો તે નક્કી કરવામાં આવશે. એટલે આવતીકાલે મળનારી બેઠકમાં પુરુષોત્તમ રૂપાલાના સમાધાન અંગેની કોઈ જ વાત થનારી નથી. પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માગણી સાથે દિવસે દિવસે વિરોધ વધી રહ્યો છે અને ક્ષત્રિય સમાજમાં વધુને વધુ આક્રોશ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ, મોરબી, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, કેશોદ સહિતના સંખ્યાબંધ તાલુકાઓના 100થી વધુ ગામોમાં જ્યાં સુધી પુરુષોતમ રૂપાલાની ટિકિટ રદ નહીં થાય ત્યાં સુધી ભાજપના કોઈપણ કાર્યકરોએ કે આગેવાનોએ ગામમાં પ્રવેશ કરવો નહીં. આ પ્રકારના લખાણવાળા પોસ્ટરો ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે. ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી લડી લેવાના મૂડમાં છે.

### 'ઉમેદવાર હટાવો,...

ભાજપમાં આંતરિક વિરોધ શરૂ થયો છે. સાબરકાંઠા બેઠક પર ભાજપ દ્વારા પહેલા ભીખાજી ઠાકોરના નામની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ બાદમાં તેમનું નામ બદલીને તેમના સ્થાને ભાજપે શોભનાબેન બારૈયાને ટિકિટ આપતા સાબરકાંઠા ભાજપમાં ભડકો થયો છે. આજે સવારથી જ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો તેમજ ભીખાજી ઠાકોરના સમર્થકો મોટી સંખ્યામાં હિંમતનગર ભાજપ કાર્યને ખાતે ઉમટી પડ્યા હતા. ઉમેદવાર હટાવો ભાજપ બચાવોના સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એક તબક્કે જિલ્લાના હોદ્દેદારો ભાજપની ઓફિસમાં પૂરાઇ ગયા હતા, અને કોઈપણ હોદ્દેદાર બહાર નીકળવાની હિંમત કરી શક્યો ન હતો. આમ જિલ્લામાં હોદ્દેદારોની સામે જ પોતાના જ કાર્યકરોનો વિરોધ જોવા મળી રહ્યો છે.

### એક જ...

છ વાગ્યે પોલીસે રેડ પાડી હતી. જેમાં તપાસ દરમિયાન ડેરીમાંથી સુરત-તાપી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી)ના કોઈ પણ પ્રકારના લાયસન્સ વગર સુમુલના શુદ્ધ ઘીના ૧ લિટરના ૩ અને ૫૦૦ મી.લીના ૫ મળી કુલ ૭ પાઉચ મળી કુલ રૂપિયા ૩૪૧૦નો જથ્થો મળી આવ્યો હતો. ડેરી માલિક કિશન શાંતી વિરમગામ (પટેલ) (રહે, સિલ્વાસા ફ્લેટ એ.બી.સર્કલ પાસે સુદામા ચોક મોટા વરાછા) દ્વારા સુમુલ ડેરીના સુમુલ શુદ્ધ ઘીના પાઉચ વાળા આબેહુબ દેકાય તેવી ડુપ્લિકેટ ઘીના પાઉચ બનાવી વેચાણ કરી ગ્રાહકોના આરોગ્યને જાખમમાં મુકવાની સાથે સુમુલ ડેરી સંસ્થા સાથે છેતરપિંડી કરી હતી. પોલીસે દિપેશ ચંપકલાલ ભટ્ટ (રહે,રામદેવનગર સોસાયટી શાંતિનિકેતન સ્કુલ પાસે પાલનપુર રોડ) ની ફરિયાદ લઈ ડેરી માલીક કેશવ વિરમગામ (પટેલ)ની ધરપકડ કરી હતી જ્યારે તેની પુછપરછમાં ડુપ્લિકેટ ઘી નો જથ્થો પ્રતિક ઠક્કર આપી જતો હોવાથી તેને વોન્ટેડ બતાવ્યો હતો.

### પાંડેસરા વિસ્તારમાંથી...

ટેમ્પોમાંથી પનીરનો 230 કિલો શંકાસ્પદ જથ્થો પકડાયો હતો. આ પનીર બજારમાં 150 રૂપિયા કિલોના ઓછા ભાવથી વેચવાનું હોવાની જાણ થતાં ફૂડ વિભાગને શંકા પડી હતી અને પનીરનો જથ્થો જપ્ત કરી સેમ્પલ પબ્લિક હેલ્થ લેબોરટરીમાં મોકલી અપાયાં હતાં. તેનો રિપોર્ટ આવી જતાં ચોંકાવનારી વિગત બહાર આવી હતી કે, આ પનીરમાં દૂધના ફેટ હોવા જોઇતા હતા તે ખૂબ ઓછા પ્રમાણમાં અને વેજિટેબલ ફેટ એટલે કે પામ ફેટ વધુ મળ્યા હતા. એટલું જ નહીં બાઇડિંગ માટે સ્ટાર્ચનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ પ્રકારનું પનીર ખાવાથી આરોગ્યને નુકસાન થઈ શકે છે. જેને ધ્યાનમાં લઈ જેમના દ્વારા આ પનીર લાવવામાં આવ્યું હતું તે ફૂડ વિભાગ દ્વારા આ જથ્થો મોકલનાર વલસાડના વિષ્ણુ ઠાકરે નામના ઇસમ સામે ફરિયાદ દાખલ કરાશે.

### બોર્ડની ધો....

એક ડીવીડીમાં ત્રણ બ્લોક એટલે કે પરીક્ષાખંડનું રેકોર્ડીંગ હોય છે. એટલે એક ડીવીડીમાં 9 કલાક જેટલું લાબું રેકોર્ડીંગ હોવા છતાં સુરત ડી.ઇ.ઓની ટીમે ગણતરીનાં દિવસોમાં જ તમામ ડીવીડીનું નિરીક્ષણ પૂર્ણ કરતા કુલ 9 ઉમેદવારો શંકાસ્પદ ગેરરીતિ કરતા દેખાયા છે. જે અંગે બોર્ડને રિપોર્ટ કરવાની તજવીજ શરૂ કરાઈ છે.

હવે ગુજરાત શિક્ષણ બોર્ડ આ તમામ ઉમેદવારોને તેડાવી પરીક્ષા આચાર સમિતિમાં હાજર રહેવા જણાવશે. તે પછી તેમની પુછપરછ બાદ વધુ કાર્યવાહી હાથ ધરાશે.

### સુરતના તેલબજારમાં....

ભેસ્તાન વિસ્તારમાં કુલ 8 સ્થળે સિંગતેલ, કપાસિયા, સન ફ્લાવર, મકાઈ અને પામોલિન તેલનું મોટા પાયે વેચાણ કરતી 8 જાણીતી બ્રાન્ડના ડિસ્ટ્રિબ્યુટર્સને ત્યાં તપાસ ચાલી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી આ તપાસ થઈ રહી હોવાનું તેલ બજારનાં સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત સરકારની નિકટના તેલ ઉત્પાદક કંપનીના ડિસ્ટ્રિબ્યુટર્સને પણ વરુણીમાં લેવામાં આવ્યા છે. પુરવઠા વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ 3 દિવસમાં 8 જાણીતી બ્રાન્ડના ડિસ્ટ્રિબ્યુટર્સને ત્યાં તેલનો સ્ટોક ક્રોસ વેરિફાઈ કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ 2023-24માં કેટલો માલ વેચ્યો, કેટલો ચોપડે નોંધ્યો અને GST રિટર્નમાં કેટલો દર્શાવ્યો એને લગતાં ડોક્યુમેન્ટ જપ્ત કરવામાં આવ્યાં છે. શુદ્ધ તેલની તપાસ માટે વિડીયોગ્રાફી કરી સેમ્પલ્સ લેવામાં આવ્યાં છે. તાજેતરમાં જાણીતી બ્રાન્ડના સિંગતેલના 15 કિલો ડબ્બામાં 13 કિલો 500 ગ્રામ તેલ નીકળ્યું હતું અને એક કિલોથી વધુ વજન ડબ્બાનું નીકળ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ ત્રણ દિવસની તપાસ દરમિયાન મોટા પાયે ખોટો સ્ટોક દર્શાવ્યો હોવાની વાત બહાર આવી છે. તેલનો યોગ્ય સ્ટોક દર્શાવ્યા મુજબ મળી આવ્યો નથી. પ્રાથમિક દૃષ્ટિએ નબળા તેલનો જથ્થો પણ મળી આવ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ આજે દરોડાની વિગતો લીક થઈ જતાં 3 દિવસની તપાસ દરમિયાન 8 ડિસ્ટ્રિબ્યુટર્સને ત્યાંથી શું મળ્યું એ આવતીકાલે બુધવારે જાહેર થઈ શકે છે.

### ચૂંટણી સમયે....

ચૂંટણી સમયે ત્રણ દિવસ માહિતી ગુપ્ત રાખી પાડવામાં આવેલા દરોડા શંકાસ્પદ હોવાનું અને એની પાછળ બદઈરાદો હોવાનું તેલ બજારનાં સૂત્રો જણાવી રહ્યાં છે. ત્રણ દિવસથી તપાસ થઈ રહી હોવા છતાં આખો મામલો મીડિયાથી છુપાવી રાખવા ડિસ્ટ્રિબ્યુટર્સને પણ સખત કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી હતી. સામાન્ય રીતે તેલિયા રાજાઓ અને એમના વિતરકોને ત્યાં દરોડા પાડવામાં આવે ત્યારે એસજીએસટી અને CGSTને પણ જાણ કરવામાં આવે છે. પણ સુરતમાં બંને વિભાગ આ દરોડાથી અજાણ છે. આવતીકાલથી આ એજન્સીઓ પણ સક્રિય થાય એવી શક્યતા છે.

## દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવાનુ કે અમારા પિતાશ્રી નટવરભાઈ (ઠાકોરભાઈ) રામજીભાઈ પટેલ નું તા. ૩૧-૦૩-૨૦૨૪ ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે.

સદગતનું બેસણું તા. ૦૪-૦૪-૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

પ્રભુ એમના આત્માને ચિર શાંતી અર્પે તેવી પ્રાર્થના...

સ્વ. નટવરભાઈ (ઠાકોરભાઈ) રામજીભાઈ પટેલ
જન્મ તા. ૧૪-૦૧-૧૯૫૮
સ્વ. તા. ૩૧-૦૩-૨૦૨૪, રવિવાર

લિ.
ગં.સ્વ. રમણબેન નટવરભાઈ (ઠાકોરભાઈ) પટેલ (પત્ની)
રાહુલભાઈ નટવરભાઈ પટેલ (પુત્ર) | મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભાઈ)
મિનલબેન રાહુલભાઈ પટેલ (પુત્રવધુ) | જનકભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભાઈ)
હાર્મી રાહુલભાઈ પટેલ (પૌત્રી)
સ્વ. પ્રકાશભાઈ ભાણાભાઈ પટેલ (ભાઈ)

સ્થળ : ૩૪, ગોયા સ્ટ્રીટ, વેસુ ગામ